## ફોજદારી અપીલ નં.–૧૬૧/૨૦૨૪ ના કામે આંક–૪ તળે હુકમ

આ કામે વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરેલ આંક–૬૧ ના હુકમની વીગતને વંચાણે લેતા વિ.ટ્રાયલ કોર્ટે પોતાના હુકમના પારા–૯ ની અંદર, મુળ ફરીયાદી દ્વારા આંક–૫૬ થી પુરસીસ રજુ કરી આરોપી દ્વારા ચેક મુજબની પુરેપુરી રકમ ચુકવી આપવામાં આવેલ છે તેવુ જાહેર કરેલાનુ નોંધેલ છે. મુળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી પી.ડી.ટીમાણીચાનાઓ પણ આરોપી દ્વારા ટ્રાયલ પેન્ડીંગ હતુ તે દરમ્યાન જ ચેક મુજબની પુરેપુરી રકમ ચુકવી આપેલાનુ સ્વીકારે છે.

ઉપરોકત રેકર્ડ પરની બાબતને નજર સમક્ષ રાખી જયાં સુધી વિ.ટ્રાયલ કોર્ટે ફરમાવેલ સજાના હુકમને મોકુફ રાખવા લાગે વળગે છે ત્યાં સુધી ચેકની રકમના ૨૦% રકમ સામે, આરોપી દ્વારા ચેકની પુરેપુરી રકમ વિ.ટ્રાયલ કોર્ટના હુકમ પેરા–૯ ની વીગત વંચાણે લેતા મુળ ફરીયાદી ને ચુકવી આપેલ છે ત્યારે હાલ તુરત ૨૦% રકમ જમા કરાવેલ નથી તે કારણસર સજાના હુકમ મુલતવી રાખવા માટે આ અદાલતને કોઈ ન્યાયોચીત કારણ જણાતુ નથી. જેથી સજાનો અમલ મોકુફ રાખવા ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**ઃઃ હુકમ ઃઃ**

**(૧)** એપેલેન્ટ/આરોપીની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે અને એપેલેન્ટ/આરોપીએ **રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ સજાનો અમલ અપીલના આખરી નિર્ણય સુધી નીચેની શરતોને આધીન સ્થગિત રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો–**

**૧).** એપેલેન્ટ/આરોપીએ આ કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડી કયાંય જવુ નહીં.

**૨).** એપેલેન્ટ/આરોપીએ અપીલના હીયરીંગ દરમ્યાન હાજર રહીને અપીલની કાર્યવાહીમાં સાથ સહકાર આપવાનો રહેશે.

- હુકમ મુજબના જામીન આ અદાલતમાં આપવાના રહેશે.
- આ હુકમની એક યાદી ટ્રાયલ કોર્ટને કરવી.

આ હુકમ આજરોજ તા.૧૭[મી], માહે–ડીસેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૭.૧૨.૨૦૨૪
સ્થળ–વેરાવળ

**(પ્રતાપદાન શંભુદાન ગઢવી)**
સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૪૪૦

## ફોજદારી અપીલ નં.–૧૪૮/૨૦૨૪ ના કામે આંક–૪ તળે હુકમ

અપીલવાળા આરોપી દવારા વિ.ટ્રાયલ કોર્ટ દવારા ફો.કેસ નં.૧૦૫૨/૨૦૨૧ ના કામે તા.૨૫/૧૦/૨૪ ના રોજ, આરોપીને નેગો.ઇન્સ. એકટ, ૧૯૮૧ ની કલમ ૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદ તથા મુળ ફરીયાદીને એક માસમાં વળતર પેટે રૂા.૪,૬૦,૦૦૦/– પુરા ચુકવી આપવા, કરેલ હુકમનો અમલ અપીલ સમય સુધી મોકુફ રાખવા આંક–૪ થી રજુ રાખેલ અરજીમાં માંગેલ દાદ સંદર્ભે આ અદાલતે અપીલવાળા આરોપીને વિ.ટ્રાયલ કોર્ટના કરેલ હુકમ મુજબની ચુકવવાની થતી વળતરની રકમના ૨૦% રકમ આજતારીખ સુધીમાં આ અદાલતમાં ડીપોઝીટ કરવા હુકમ કરી હાલની અરજી સુનવણી માટે રાખેલ છે. આજરોજ અપીલવાળા તરફથી હુકમ મુજબની પુરેપુરી ૨૦% રકમ ડીપોઝીટ કરવામાં આવતી નથી. અપીલવાળા આજરોજ રૂા.૪૦,૦૦૦/– જમા કરાવે છે. હાલની અરજીની સુનવણી પુર્વે જમા કરવાની થતી રકમ પેટ હજુ રૂા.૪૦,૦૦૦/– જમા કરવાના બાકી રહે છે. આમ, પુરી રકમ જમા થતી ન હોય અને અપીલવાળા આરોપી બાકીની રકમ જમા કરવા માટે સમયની માંગણી કરતા હોય તથા વિ.ટ્રાયલ કોર્ટ દ્રારા સજાનો અમલ મોકુફ રાખતો કરેલ હુકમ અપીલ દાખલ થતા 'ફન્ટસ ઓફસ્યો' થઇ ગયેલ ગણાય. હાલની અદાલતના હુકમનુ પાલન થતુ ન હોય હાજર અપીલ વાળા આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લઇ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ જેલ વોરંટ ભરી બારોબાર સજાના અમલ માટે જુનાગઢ જીલ્લા જેલ ખાતે મોકલી આપવા યાદી પાઠવવા હુકમ કરી આરોપીને હાલે જેલ વોરંટ આધારે જુનાગઢ જીલ્લા જેલ ખાતે મોકલી આપવા હુકમ કરવામાં આવે છે તથા હાલની સજાના અમલ માટેની અરજીની વધુ સુનવણી ફેર મુદત તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજની મુકરર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭/૧૨/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
સેશન્સ જજ
ગીર સોમનાથ એટ વેરાવળ.
(જી.જે.૦૦૪૪૦)